# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી દેવાતજ દ્વારા તા.૫.૮.૧૬ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં દેવાતજ ગામની શાળાના ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વૈજ્ઞાનિક શ્રી જે.એચ.ભટ્ટ દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ. ત્યારબાદ કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા (ઇ.ચા.) શ્રીમતી અમિતાબેન પરમારે કૃષિ વિજ્ઞાન કેન્દ્રની પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃતમાં માહિતીઆપ્યા બાદ તેઓએ વૃક્ષોનું મહત્વ સમજાવ્યુ તથા ફળ તેમજ શાકભાજીના પોષણમૂલ્ય અંગે માહિતી આપી હતી તદુપરાંત વિદ્યાર્થીઓને તેમના ઘર આંગણે તથા શાળામાં સ્વચ્છતા રાખવા માટે સલાહ આપી. ત્યારબાદ સર્વેને કેન્દ્ર ખાતે આવેલ વિવિધ યુનિટ જેવા કે માતૃછોડ નર્સરી, નેડેપ (કમ્પોસ્ટ), ઔષધિય અને સુગંધિત પાક કૌતુકાલય વગેરેની પ્રત્યક્ષ મુલાકાત કરાવી તે અંગેનું માર્ગદર્શન આપ્યુ સર્વે વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા કેન્દ્રના સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ જેમાં મુખ્યત્વે કરમદા,જાંબુ, લીમડા તથા અન્ય વનવૃક્ષો રોપવામાં આવ્યા. કાર્યક્રમનાં અંતે શ્રી જે.એચ.ભટ્ટ દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.









